સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે- ચંગીસપુર, રે.સ.નં.૧૮૫. એચ.કે.આર્ટ્સ કોમર્સ કોલેજ પાછળ, ગાંધીઅને નેહરુબ્રિજ્ની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ(વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯

ફોન નં.૦૭૯-૨૬૫૮૦૪૩૦ E-Mail:- office@srfdcl.com

ટેન્ડર નોટીસ

સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેક્ટ હેઠળ નદીની પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસનો પાર્કિંગનો પરવાનો વાર્ષીક લાયસન્સ ફીથી મેળવવામાં રસ ધરાવતાં વ્યકિત/ સંસ્થા પાસેથી ઓફર મંગાવવામાં આવે છે. જે અંગેના ટેન્ડર રુબરુમાં **તા.૦૩/૧૨/૨૦૨૫ ના** રોજ સાંજે **૫:૦૦** કલાક સુધીમાં ઉપરોકત જણાવેલ સ્થળે સીલ બંધ કવરમાં સમય મર્યાદામાં જમા કરાવવાના રહેશે. આ અંગેની વિગતો સહિતના ટેન્ડર ડોકયુમેન્ટ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.ની વેબ સાઇટ www.sabarmatiriverfront.com , www.ahmedabadcity.gov.in પરથી ડાઉનલોડ કરી તેમાં સુચવ્યા મુજબ ભરી શકાશે.

તા.:૧૫/૧૧/૨૦૨૫

એક્ઝીક્યુટીવ ડીરેકટર
સા.રી.ફ્ર.ડે.કો.લી.

આ ફોર્મ ભરી નીચેના સ્થળે તથા સમયે જમા કરવું.

સ્થાન : બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે- ચંગીસપુર, રે.સ.નં.૧૮૫. એચ.કે.આર્ટ્સ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રિજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ(વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯

તા.૦૩/૧૨/૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં જ

ફોન નં.૦૭૯ ૨૬૫૮૦૪૩૦ E-Mail:- office@srfdcl.com

ટેન્ડર ફોર્મ (ફૂલબજારની બાજુમાં આવેલ નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસનો પાર્કિંગના લાયસન્સના ટેન્ડર માટે)

૧.અરજદારની વિગત :

અરજદાર/સંસ્થાનું પુરુ નામ :

(જો ભાગીદારીમાં અરજી કરવામાં આવે તો દરેક ભાગીદારોની વિગતો સાથે જોડવાની રહેશે.)

અટક	નામ	પિતા/પતિનું નામ

મોબાઇલ નં.		ઇ-મેઇલ	
ફોન નં. (ઘર)		ફોન નં. (ઓફિસ)	

સરનામું (હાલનું):

સરનામું (કાયમી):

સરનામું (પત્ર વ્યહવાર માટેનું):

અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન

૨. અરજદારનું નિવેદન:

હું / અમે

નામ:...હોદ્દો:..

જણાવીએ છીએ કે, અમો સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેક્ટ હેઠળ પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસનો પાર્કિંગનો પરવાનો વાર્ષીક લાયસન્સ ફીથી મેળવવામાં રસ ધરાવીએ છીએ. આ માટેના તમામ કામો માટે અમારી ગેરહાજરી વખતે અમારા નીચે જણાવેલ અધિકૃત પ્રતિનીધી/ભાગીદાર બંધારણીય રીતે હાજર રહી કાર્યવાહીમાં ભાગ લઇ શકે તે માટે અધિકૃત કરીએ છીએ. તેઓએ ટેન્ડર ખોલતી વખતે અને હરાજી વખતે અને જ્યારે પણ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. જણાવે ત્યારે પોતાની ઓળખની સાબિતી આપતા મૂળ પુરાવા (Original ID Proof) રજૂ કરવાના રહેશે.

3.અધિકૃત પ્રતિનીધીની વિગતો:			
નામ:			
સરનામું:			
મોબાઈલ ન.		ઇ-મેઈલ	

અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન

૪.. હું એ જાણું છું/અમે એ જાણીએ છીએ કે લઘુતમ માસિક લાયસન્સ ફી ની રકમ કરતાં નીચેની રકમથી ભરેલ ટેન્ડર આપોઆપ રદ બાતલ થયેલું ગણાશે તેની મને/અમોને સ્પષ્ટતા હોઇ હું/અમો સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળ પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસનો પાર્કિંગનો પરવાનો વાર્ષીક લાયસન્સ ફીથી મેળવવા માટે નીચે મુજબની ઓફર આપું છું/આપીએ છીએ.

લોકેશનની વિગત	લઘુતમ વાર્ષિક લાયસન્સ ફી ની રકમ (રૂપિયામાં)	માસિક લાઈસન્સ ફીની રકમની ઓફર (રૂપિયામાં)	
		અંકોમાં	શબ્દોમાં
સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળ પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસ	**૩૫,૦૪,૦૦૦/-(અંકે રૂપિયા પાંત્રીસ લાખ ચાર હજાર પુરા)**		

(નોધ: ટેન્ડરના કવર નં. ૨ માં આ પાનાની વિગતો ભરીને મૂકવું)

નોંધ : ટેન્ડર ભરનાર વ્યકિતએ આ પાનામાં રૂપિયા ૫૦૦-/ ના ગુણાંક્માં પોતાની ઓફર લખવાની રહેશે.

અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન

૫. સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળ પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસ સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળ પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસમાં અંદાજીત પાર્ક કરી શકાતાં વાહનોની સંખ્યાની વિગતો.

અ.નં.	**વિગત**	**પાર્કિંગની અંદાજીત કેપેસીટી**
૧	સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળ પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસ-**એરીયા અંદાજિત ૫૦૦૦ ચો.મી.**	**૨૦૦ ફોર વ્હીલર અથવા ૮૦૦ ટુ વ્હીલર**

૬ **આ પાર્કિંગ સ્પેસની જગ્યાએ લાઇટની સુવિધા આપવામાં આવેલ છે.**

૭. હું/અમો સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળ પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસનો પાર્કિંગનો પરવાનો વાર્ષીક લાયસન્સ ફીથી મેળવવા **ટેન્ડર ફી રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)(Non Refundable)** તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** તરીકે **રૂ.૧,૭૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજારપૂરા)** ડિમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવી રહયા છીએ તેની વિગતો નીચે મુજબ છે.

નાણાની વિગત	ડિમાન્ડ ડ્રાફટ ની વિગત					
	નંબર	તારીખ	બેંકનુંનામ	શાખા	રકમ અંકમાં(રૂ.)	રકમ શબ્દોમાં (રૂ)
અર્નેસ્ટ મની ડીપોઝીટ **(EMD)**						
ટેન્ડર ફી						

<u>**નોંધ:**</u> ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** ની રકમ RTGS/NEFT થી જમા કરાવી શકાશે નહી.

(**નોંધ: RTGS/NEFT થી નાણાં જમા કરાવી શકાશે નહી.**)

૮. મે/અમોએ ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવશે તો, સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોપરિશન લીમીટેડ. દ્વારા જાણ કરવામાં આવ્યેથી **હું/અમે વાર્ષીક લાયસન્સ ફી ની ૨૫% જેટલી રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે અને છ માસની લાયસન્સ ફી એડવાન્સ જી.એસ.ટી.સાથે દિન-૧૫ (પંદર)માં ડિમાન્ડ ડ્રાફટથી અથવા યોગ્ય ઇલેક્ટ્રોનીક મોડ થી ટ્રાન્સફર કરાવીને જમા કરાવવા બંધાયેલ છીએ.** ત્યારબાદ જ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ.ની સક્ષમ સત્તા દ્વારા મને/અમોને એલ.ઓ.એ. હુકમ આપવામાં આવશે તે અમો જણાવીએ છીએ

૯. અમારી ઓફર સ્વીકારવામાં આવશે નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)**રકમ **ટેન્ડર ઓપન થયેથી સક્સેસફૂલ થયેલ બીડરને એલ.ઑ.એ.આપ્યા બાદ** દિન-૬૦(સાઇઠ)માં વગર વ્યાજે મને/અમોને મળશે અને જો હું/અમોએ આપેલ ઓફર સ્વીકારવામાં આવશે તો, ભરેલ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ,સીકયોરીટી ડીપોઝીટની રકમમાં મજરે આપવામાં આવશે

૧૦. હું/અમોએ આપેલ કોઇપણ ઓફર સ્વીકારવી કે નહી તે અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનો નિર્ણય આખરી ગણાશે અને જે બાબતે અમો કોઇ પણ પ્રકારનું લીટીગેશન/તકરાર કરીશું નહી.

૧૧. મારી/અમારી ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવે અને હું/અમે ઓફર મુજબની તથા અન્ય જે ડીપોઝીટ/રકમ નિયત સમયમર્યાદામાં ભરપાઇ કરી શકીએ નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ **(EMD)** સહિતની ઉક્ત તમામ ભરેલી રકમ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ.ની સક્ષમ સત્તા દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૨. લાઈસન્સ બાબતે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જે નિર્ણય અને શરતો નક્કી થશે તે માટે હું/અમે બંધાયેલા છીએ.

૧૩. આથી હું/અમે જાહેર કરીએ છીએ કે ઉપર જણાવ્યા મુજબની માહિતી સંપૂર્ણ સાચી અને ખરી છે અને આકસ્મિક રીતે અથવા કોઇ અન્ય રીતે માહિતી રજૂ કરવામાં ખામી રહી ગઈ હોય અથવા અધુરી વિગત માલૂમ પડે તો સ્વીકારેલ ઓફર/ લાઈસન્સથી ફાળવણી કરેલ જગ્યાનું લાઈસન્સ રદ કરવા / પરત લેવા માટે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા જે નિર્ણય લેશે તે મને/અમોને બંધનકર્તા રહેશે.

૧૪. હું/અમો અહી જાહેર કરીએ છીએ કે મે/અમોએ સૂચિત લાઈસન્સથી ફાળવવાની થતી જગ્યા અંગેના નિયમો વાંચ્યા અને સમજ્યા છે. સદર જગ્યાની જાહેરાત મુજબની તમામ વિગતોનો અભ્યાસ કરેલ છે. મે/અમોએ ઉપરોક્ત પૈકી ૧ થી ૩ વાળી રજૂ કરેલ વિગતો સંપૂર્ણ સત્ય છે. હું/અમો ઉપરોક્ત ૪ મુજબની ઓફર આપીએ છીએ, ઉપરોક્ત ૭ મુજબ અર્નેસ્ટમની

ડીપોઝીટ તથા ટેન્ડર ફી ના નાણાં જમા કરાવી રહયા છીએ અને ઉપરોક્ત પૈકી ૮ થી ૧૩ સુપેરે વાંચીને સમજેલ છે અને અમોને તે સ્વીકાર્ય હોઇ તે પ્રમાણે વર્તવા બંધાયેલા છીએ, જે અમો સોગંદપૂર્વક જાહેર કરીએ છીએ.

અરજદારનું પુરૂ નામ	સહી અને તારીખ	સંસ્થાનો/હોદ્દાનો સિક્કો

સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળ પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસનો પાર્કિંગનો પરવાનો વાર્ષીક લાયસન્સ ફીથી મેળવવા માટેની શરતો.

સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળ પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસનો પાર્કિંગનો પરવાનો વાર્ષીક લાયસન્સ ફી **થી એક(૧) વર્ષ તથા ફર્ધર એક્ષ્ટેન્ડેબલ એક(૧) વર્ષ એમ ૧ + ૧ વર્ષ માટે** નીચેની શરતોની આધિન આપવાનો છે.

૧. જાહેરાતમાં જણાવેલ સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળ પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં આવેલ પાર્કિંગ સ્પેસનો પાર્કિંગનો પરવાનો વાર્ષીક લાયસન્સ ફી થી મેળવવા માટે રસ ધરાવતાં વ્યકિત/ સંસ્થાએ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. ની વેબસાઇટ www.sabarmatiriverfront.com અને www.ahmedabadcity.gov.in. પરથી ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરવાનું રહેશે.

૧(અ) ટેન્ડરની **Pre-Bid Meeting** નું આયોજન તા.૨૦.૧૧.૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:00 કલાકે બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, પૂજય પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ) , અમદાવાદ-૩૮૦૦૦૯ ખાતે રાખવામાં આવશે. **Pre-Bid Meeting** ના અનુસંધાને મળેલ સૂચનો અન્વયે કરેલ સુધારા તા.૨૬.૧૧.૨૦૨૫ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની વેબ સાઇટ **www.sabarmatiriverfront.com** પર સુધારા પબ્લીશ કરવામાં આવશે જે સુધારા ટેન્ડરમાં આમેજ ગણવાના રહેશે.

૨. ભરેલ ટેન્ડર ફોર્મ મોટા સીલ બંધ કવરમાં **તા.03/૧૨/૨૦૨૫ ના** રોજ સાંજે **૫:00 કલાક સુધીમાં** બીજો માળ,, રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯, ખાતે જમા કરાવવાના રહેશે.

૩. ટેન્ડરમાં ભાગ લેનાર વ્યકિતની ઉમર ૧૮ વર્ષથી ઉપર હોવી જોઇએ.

૪. ટેન્ડર **તા.0૪/૧૨/૨૦૨૫ ના** રોજ **સવારે ૧૨:00 કલાકે** ગ્રાઉન્ડ ફલોર (એક્ઝીબીશન હોલ) , રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ) , અમદાવાદ-૩૮૦૦૦૯, હાજર રહેલ ઓફિસરની સમક્ષ ખોલવામાં આવશે.

૫. ટેન્ડરમાં ભાગ લેનારે સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળ પુર્વ દિશાએ સરદાર બ્રીજની નજીકમાં ફૂલબજારની બાજુમાં આવેલ પ્લોટમાં નકશામાં દર્શાવ્યા અનુસાર ડેવલપ કરવામાં

આવેલ પાર્કીંગ સ્પેસનો પાર્કીંગનો પરવાનો મેળવવા માટેના ટેન્ડર ની ટેન્ડર ફોર્મ ફી **રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)** તથા **અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) તરીકે રૂ.૧,૭૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પૂરા)**સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ પેયેબલ : અમદાવાદ એમ બંને અલગ -અલગ બનાવી જમા કરાવવાનો રહેશે. અર્નેસ્ટ મનીની રકમ ટેન્ડર મંજૂર થયેથી સિક્યોરીટી ડિપોઝીટમાં મજરે આપવામાંઆવશે.

૬. જે ટેન્ડરરની ઓફર સ્વીકારવામાં નહી આવે તેઓને તેમની અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)ની રકમ ટેન્ડર ઓપન થયેથી સક્સેસફૂલ થયેલ બીડરને એલ.ઓ.એ.આપ્યા બાદ ૬૦ દિવસની અંદર વિના વ્યાજે પરત કરવામાં આવશે.

૭ . ટેન્ડર ફોર્મ સીલ બંધ મોટા કવરમાં જમા કરાવવા તેના પર વ્યકિત/સંસ્થાનું નામ, સરનામું લખવા. મોટા કવરની અંદર કવર નં. ૧ અને કવર નં. ૨ મુકવાના રહેશે.

એ. કવર નં. (૧) ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD), અને ટેન્ડર ડોકયુમેન્ટ

આ કવરની ઉપર “ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ અને ટેન્ડર ડોકયુમેન્ટ” એમ સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. ટેન્ડર ડોક્યુમેન્ટના પાના નં. ૪ સિવાયના તમામ પાનાઓમાં જયાં પણ જરૂરી વિગતો ભરવાની છે તે વિગતો ભરી દરેક પાના પર ટેન્ડર ભરનારે સહી સીકકા કરી મુકવા. ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ ના ડીમાન્ડ ડ્રાફ્ટ આ કવરમાં મુકવાના રહેશે.

બી. કવર નં.(૨)- પ્રાઇસ બીડ

આ કવર ઉપર ઓફરરે “ પ્રાઇસ બીડ” તેમ સ્પષ્ટ રીતે લખી સીલ કરવાનુંરહેશે. ટેન્ડર ભરનારે ટેન્ડર ડોકયુમેન્ટનું પાના નં. ૪ (પ્રાઇસ બીડ) સહી સીકકા કરી કવરમાં મુકવાનું રહેશે.

૮ . ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ **(EMD)** વિનાનું કે અધુરી વિગતોવાળું ટેન્ડર રદબાતલ ગણાશે.

૯. ઓફરદારે અરજી ફોર્મ સાથે જ્યાં જ્યાં ડીમાન્ડ ડ્રાફટનો ઉલ્લેખ છે તે તમામ ડીમાન્ડ ડ્રાફટ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન લીમીટેડ ના નામનો રજૂ કરવાનો રહેશે અન્યથા ટેન્ડર આપોઆપ રદ થયેલ ગણાશે.

૧૦ ટેન્ડર ભરનારે સાઈટ, લોકેશન, કન્ડીશન વિગેરેની જાત તપાસ કરી પોતાની જાતને અવગત કરી લેવાની રહેશે. આવી કોઇ પણ બાબતમાં કોઇ પણ ઓફરર્સનું કોઇ પણ પ્રકારનું ઓબ્જેક્શન માન્ય રાખવામાં આવશે નહી.

૧૧ જેની ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેવા ઓફરદારને સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા કોઇપણ કારણસર સદર જગ્યા

પાર્કીંગના પરવાના માટે આપી શકાય તેમ ના હોય તેવા સંજોગો ઉદભવે ત્યારે સિક્યોરીટી ડીપોઝીટની રકમ વિના વ્યાજે પરત કરવામાં આવશે.

૧૨ ટેન્ડરની સાથે ઓફરદારે આધારકાર્ડ અને પાન કાર્ડની નકલ આપવાની રહેશે.

૧૩ ટેન્ડરમાં કોઇ શરત મુકવાની નથી. શરતી ટેન્ડર તથા અપ-સેટ પ્રાઇસથી નીચે ભરેલ ટેન્ડર ફોર્મ રદ કરવામાં આવશે.

૧૪ જે ઓફરદારના નામે ટેન્ડર ભરવામાં આવેલ હશે, તે સ્વયં કે તેઓના દ્વારા અધિકૃત કરેલ પ્રતિનિધિ જ ટેન્ડર કમ હરાજીમાં ભાગ લઇ શકશે અન્ય બીજી કોઇ વ્યકિત હરાજીમાં સીધો ભાગ લઇ શકશે નહી.

૧૫ ટેન્ડરનો પરવાનો અપાયા બાદ જો ઓફરદાર ફાળવેલ ટેન્ડર સ્વીકારવાની ના પાડશે તો તેઓની અર્નેસ્ટ મની ડીપોઝીટની **(EMD)** રકમ તથા ભરેલ અન્ય તમામ રકમ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની સક્ષમ સત્તા દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૬ જે ઓફરદારનું ટેન્ડર માન્ય રહેશે, તે જ ઓફરદાર હરાજીમાં ભાગ લઇ શકશે. હરાજીમાં અરજદાર દ્વારા અધિકૃત કરવામાં આવનાર વ્યકિત જ બોલી બોલી શકશે.ટેન્ડરમાં આવેલ ઓફરો પૈકી જે મહત્તમ ઓફર હશે, તેની ઉપર હરાજીમાં ભાગ લેનારે રૂા.૫૦૦/- ના ગુંણાકમાં બોલી બોલવાની રહેશે. ઊંચી બોલી બોલનાર માગણીદારની હરાજી આખરી કરતી વખતે, સદર જગ્યાના પાર્કીંગના પરવાના માટે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડને મળેલ સૌથી ઊંચી બોલીની કિંમતે સ્વીકાર કરવો કે કેમ? તે અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પોતાનો અધિકાર અબાધિત રાખે છે.

<u>આ ઉપરાંત નીચે જણાવેલ વધારાની શરતોને આધીન હરાજી કરવામાં આવશે.</u>

- હરાજી વખતે હરાજીમાં ભાગ લેનાર વ્યકિત કે તેમના પ્રતિનિધિ દ્વારા જો કોઈ અઘટિત વર્તન કરવામાં આવશે તો અર્નેસ્ટ મની ડીપોઝીટ **(EMD)** ની રકમ જપ્ત કરવામાં આવશે અને હરાજીમાં તેમને ભાગ લેવા દેવામાં આવશે નહી.
- હરાજી કરનાર અધિકારી કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય કોઈપણ તબક્કે સદર જગ્યાના પાર્કંગના પરવાના માટેની હરાજી ની કાર્યવાહી પાછી ખેંચી શકશે / સ્થગિત કરી શકશે.
- સદર જગ્યાના પાર્કીંગના પરવાના માટેની હરાજી માન્ય રાખવી કે અમાન્ય રાખવી, તેં સંબંધી સક્ષમ સત્તા અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

૧૭ . આ ટેન્ડરની મંજુર થયેથી આપવામાં આવનાર પાર્કીંગ **પરવાનાની મુદત જગ્યાનો કબજો સોંપ્યાથી એક(૧) વર્ષનો રાખવામાં આવશે**. જે લાઈસન્સી દ્વારા સા.રી.ફ.ડે.કો.લી.ખાતે અરજી કર્યેથી એટલેકે એક વર્ષ પુર્ણ થયા બાદ બીજા વર્ષની શરુઆતમાં **<u>લાઇસન્સસીએ મુદ્દત લંબાવવા અરજી કરવાની રહેશે.</u>** બીજા એક(૧) વર્ષ સુધી એટ્લે કે ૧ + ૧ લાયસન્સીની સંતોષકારક કામગીરી તથા અરસ પરસ સમજુતીથી લંબાવી શકાસે.

૧૮ . ટેન્ડરની અપસેટ વેલ્યુ (મીનીમમ વાર્ષિક લાયસન્સ ફી) **૩૫,૦૪,૦૦૦/-(અંકે રૂપિયા પાંત્રીસ લાખ ચાર હજાર પુરા)** થી ઓછી રકમની ઓફરનું ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

૧૯. ટેન્ડર કમ હરાજીમાં આપેલ ઓફરની રકમમાં માત્ર અને માત્ર વાર્ષિક પરવાનો. લાયસન્સ ફીની રકમનો જ સમાવેશ થાય છે. તેમાં જી.એસ.ટી.કે કોઇ પણ પ્રકારનો ટેક્ષ/ સેસ/ સરકારી/ સ્થાનિક/ અર્ધ સરકારી વેરા કે ચાર્જીસનો સમાવેશ થતો નથી. (મ્યુનિસિપલ ટેક્ષ સિવાય)જી.એસ.ટી. તેમજ અન્ય સરકારી યા બીજા કોઇ સરકારી કરવેરા આવશે તો તે પરવાનેદારે ભરવાના રહેશે તથા પરવાના માટે જે જે કોઇ સરકારી કે અર્ધ સરકારી લાયસન્સ મેળવવાના થતાં હોય તે તમામ પરવાનેદારે મેળવવાના રહેશે.

૨૦. ટેન્ડર મંજુર થયાની જાણ થયેથી ૧૫ દિવસમાં પરવાનેદારે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની કચેરીમાં સીક્યુરીટી ડિપોઝીટ તરીકે વાર્ષિક લાઇસન્સ ફી તરીકે ઓકશનમાં બોલેલ ઉચ્ચતમ ઓફરની ૨૫% રકમ ડીમાન્ડ ડ્રાફટથી ભરવાની રહેશે.

૨૧ એલ.ઓ.એ. આપ્યા તારીખથી દર છ માસના પહેલા ૧૫ દિવસમાં જે તે છ માસની લાયસન્સ ફી ના નાણાં એડવાન્સમાં જમા કરાવવાના રહેશે. નિયત સમયમાં લાઇસન્સ ફી ભરવામાં નહી આવે તો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે તથા સીક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૨. કોઇપણ ટેન્ડર ગ્રાહય રાખવું કે નહી તે અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનો નિર્ણય છેવટનો ગણાશે. કોઇપણ જાતનું કારણ આપ્યા સિવાય પણ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ટેન્ડર ના મંજુર કરી શકશે.

૨૩ આ નિયત કરેલ જગ્યાએ જ વાહનો પાર્ક કરાવવા તથા તેની સાચવણી કરવા માટે નકકી કરેલ દર કરતાં વધુ પાર્કીંગ ફી ઉઘરાવી શકાશે નહી. જો આવુ કરતાં જણાશે તો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા લાઈસન્સી પાસેથી પેનલ્ટી લેવામાં આવશે અને એગ્રીમેન્ટ રદ કરીને સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૪. પરવાનેદાર આ પરવાનો કોઇ પણ વ્યકિતને ટ્રાન્સફર કરી શકશે નહી. પરવાનેદાર પાર્કિંગની જગ્યાએ ઓળખપત્ર સાથેના પોતાના માણસો રાખવાના રહેશે તથા તેની વિગત અત્રેના વિભાગે જમા કરાવવાની રહેશે.

૨૫. સ્ટે.કમિટી ઠરાવ નં-૫૦૪, તા.૦૧/૦૮/૨૦૧૮ થી ઠરાવેલ પાર્કિંગના દર નીચેના ટેબલ મુજબના રહેશે.

અ.નં	વાહનનો પ્રકાર	વાહનનો પ્રકાર પ્રતિ ૧ (એક) કલાક નો ભાવ (રૂ. માં)
૧	ટુ-વ્હીલર	૫/-
૨	ઓટો રીક્ષા	૧૦/-
૩	કાર/ફોર વ્હીલર	૨૦/-

૨૬. પે એન્ડ પાર્કની જગ્યામાં ઇલેક્ટ્રોનીક હેન્ડહેલ્ડ વેન્ડીગ મશીનનો ઉપયોગ કરી પાર્કિંગ ચાર્જ વસુલ કરવાનો રહેશે. આ તમામ સાધન સામગ્રી ઇત્યાદી અંગેનો તમામ ખર્ચ પરવાનેદારે ભોગવવાનો રહેશે. લાઇસન્સી એ માસિક પાર્ક કરવામાં આવતા વાહનોનો ડેટા જાળવવાનો રહશે અને અત્રેની કચેરીએ સબમીટ કરાવવાનો રહેશે.

૨૭. જાહેર જનતા જોઇ શકે તે પ્રમાણે વાહન પાર્કિંગ ફીના દર દર્શાવતું બોર્ડ દરેક પાર્કિંગ સાઇટના પ્રવેશ અને નિર્ગમનવાળી જગ્યાએ સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે સ્થળે રાખવાનું રહેશે અને તે અંગેનો તમામ ખર્ચ પરવાનેદારે ભોગવવાનો રહેશે.

૨૮. આ જગ્યાની સફાઇ ,જાળવણીની તેમજ રીપેરીગની જવાબદારી પરવાનેદારની રહેશે. સ્થળ પર સફાઈ કરીને કચરો એકત્ર કરીને રાખવાનો રહેશે. જે એકત્ર કરેલ કચરાના નિકાલ માટે માસિક રૂ. ૩૦૦૦/- અલગથી સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ ખાતે ચુકવવાના રહેશ. જો સફાઈ કરેલ ન હોય તેવું ધ્યાને આવે તો લાઈસન્સીને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડની સક્ષમ સતાના નિર્ણય અનુસાર દંડ વસૂલ લેવામાં આવશે.

૨૯. સ્થળ પર પરવાનેદારે પાર્કિંગ જગ્યા કાયમી ધોરણે સ્પષ્ટ રીતે જોઇ શકાય તે મુજબ માર્ક કરવાની રહેશે.

૩૦. પાર્કિંગ માટે (સાથે સામેલ કરેલ નકશામાં દર્શાવેલ)નિયત કરેલ જગ્યાએ જ વાહનો પાર્કિંગ કરી શકાશે. તે સિવાયની જગ્યા પાર્કિંગ માટે વાપરી શકાશે નહી. આ સમ્રગ જગ્યા તથા પ્રીમાઇસીસની માલિકી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન/ અ.મ્યુ.કો. ની રહેશે.

૩૧. ચાલુ હાલતમાં હોય તેવા વાહનોજ પાર્ક કરવાના રહેશે તથા તે નિયત કરેલ પાર્કિંગની જગ્યાએ જ પાર્ક કરી શકાશે.

૩૨. આ જગ્યાએ પરવાનેદાર કોઇ પ્રકારનું બાંધકામ કરી શકશે નહી તેમજ કોઈ પ્રકારનું અન્ય દબાણ ન થાય તેની તકેદારી પરવાનેદારે રાખવાની રહેશે અને દબાણ ન થાય તે માટે જગ્યાને કવર કરવાની કામગીરી પરવાનેદારે સ્વખર્ચે કરવાની રહેશે.

૩૩. પરવાનેદાર દ્વારા સ્થળ પર આઈ.ડી.કાર્ડ સાથેનો સ્ટાફ/માણસો રાખવાના રહેશે તથા તેની વિગત અત્રેની કચેરી એ જમા કરાવવાની રહેશે.

૩૪. સાબરમતી રીવરફ્રન્ટની જગ્યાને કોઇ પ્રકારે નુકશાન થશે તો તે રકમ સીકયોરીટી ડીપોઝીટની રકમમાંથી વસુલ કરવામાં આવશે અને તેમ છતાં બાકી રહેતી રકમ કાયદેસર પગલાં લઇ વસુલ કરી શકાશે.

૩૪(અ). પરવાનેદારે પાર્કીંગના સ્થળે સ્વખર્ચે સી. સી.ટી.વી.કેમેરા વીથ નાઈટ વિઝન (સ્ટોરેજ કેપેસીટી સાથેના) લગાવાના રહેશે. જેનું રેકોર્ડીંગ અત્રેની કચેરીથી માંગવામાં આવે તો પરવાનેદારે આપવાનું રહેશે. સદર સી.સી.ટી.વી. કેમેરાનું મેઇન્ટેનન્સ પરવાનેદારે વખતોવખત સ્વખર્ચે કરવાનું રહેશે અને તે અંગેનું લાઇટબીલ પરવાનેદારે ભરવાનું રહેશે

૩૫. આ જગ્યા ઉપર પાર્કીંગ કરેલ વાહનોમાં કેસેટ વેચાણ, પાન પાર્લર, ખાધ્યકે અન્ય વસ્તુઓ વેચાણ વિગેરે અન્ય કોઇ પણ પ્રકારનો ધંધો કરી શકાશે નહી.

૩૬. નિયત કરેલ પાર્કીંગ માટેની જગ્યા પર કોઇ કારણોસર કે સંજોગોવશાત પાર્કીંગ થઇ શકે કે કરાવી શકાય તેમ ન હોય અથવા તો પાર્કીંગ કરવાનું બંધ કરાવવા અંગે તંત્ર તરફથી ફરજ પાડવામાં આવે તો તે અંગે કોઇપણ જાતનું રીફંડ કે વળતર આપવામાં આવશે નહી અને તે અંગે કોઇપણ જાતની દાવાદુવી કે કોર્ટ લીટીગેશન થઇ શકશે નહી.

૩૭. ટેન્ડર મંજુર થયેથી પરવાનેદારે આ અંગે અલગ રજીસ્ટર્ડ એગ્રીમેન્ટ એલ.ઑ.એ. આપ્યાની ની તારીખથી એક માસમાં કરવાનો રહેશે જેનો ખર્ચ પરવાનેદારે ભરવાનો રહેશે.

૩૮. ટેન્ડર/હરાજીમાં સફળ થનાર વ્યકિત/સંસ્થા દ્વારા ઉપરોકત શરતો પૈકીની કોઇ પણ શરતનો ભંગ કરવામાં આવશે તો ફાળવણી રદ કરી સીક્યોરીટી ડીપોઝીટના નાણાં જપ્ત કરવામાં આવશે અને તે નાણાં પરત મેળવવા માટે વ્યક્ત/સંસ્થા કોઇ પણ પ્રકારના હકકદાવો/ફરિયાદ કરી શકશે નહી.

૩૯. પરવાનેદારે ટેન્ડરની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોઇ પણ શરતોનો ભંગ થશે તો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોપરિશન લીમીટેડ દ્વારા પરવાનો રદ કરવામાં અને ભરેલ સીકયુરીટી જપ્ત કરવામાં આવશે અને પરવાનેદારને બ્લેકલીસ્ટ કરવામાં આવશે. તેના કારણે પરવાનેદારેકોઇ પ્રકારની નુકશાની માંગી શકશે નહી.

૪૦. પરવાનેદારે અધવચ્ચેથી કોન્ટ્રાકટ છોડવો હશે તો કોન્ટ્રાકટ છોડવાના ત્રણ માસ પહેલ લેખિત જાણ કરવાની રહેશે અને આ સમય માટેની લાયન્સ ફી પરવાનેદારે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનમાં ભરેલી હોવી જોઇએ. જે કોઇપણ સંજોગોમાં પરત મળશે નહી અને ભરેલ સીકયોરીટી જપ્ત થશે.કોઇપણ સંજોગોમાં છ માસીક લાયન્સ ફીમાંથી કોઇ રકમ મજરે મળી શકશે નહી.

૪૧. પરવાનેદારે વાહન પાર્કીંગવાળી જગ્યામાં પાર્કીંગ કરેલ વાહનની સંપુર્ણ જવાબદારી નિભાવવાની રહેશે. વાહનનાં ઇન્સ્યોરન્સ ક્લેમ અંગેની જવાબદારી પરવાનેદારની રહેશે જેમ કે વાહનને આગ લાગે, કોમી તોફાનો થાય, તોડફોડ, ચોરી થાય કે અન્ય કોઇ રીતે નુકશાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી પરવાનેદારે ભોગવવાની રહેશે, આ અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહી.

૪૨. ટેન્ડરમાં દશવિલ પાર્કીંગ ફીના દર ટેન્ડરમાં દર્શાવેલ મુદત દરમ્યાન વખતોવખત અ.મ્યુ.કો/ સા.રી.ફ્.ડે.કો.લી.ની સક્ષમ સત્તા દ્વારા નકકી કરવામાં આવ્યા મુજબ અમલમાં રહેશે.

૪૩. ઉપરોકત શરતોના ભંગ અને/અથવા અન્ય ઉપસ્થિત પશ્નો સંદર્ભે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડદ્વારા જે તે વખતે નકકી થનાર દંડનીય રકમ ભરવાની સંપૂર્ણ જવાબદારી પરવાનેદારની રહેશે તથા સદરહુ રકમ સીકયોરીટી ડીપોઝીટમાંથી બાદ

કરી લેવામાં આવશે અને તે બાબતે પરવાનેદારનો કોઇ વાદ-વિવાદ કે વાંધો ધ્યાને લેવામાં આવશે નહી.

૪૪. ઉપરોકત તમામ શરતોના અર્થઘટન બાબતે અને ભવિષ્યમાં ઉપરોકત મદ્દાઓ સિવાયના કોઇ પણ ઉભા થનાર પ્રશ્નો બાબતે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો નિર્ણય આખરી ગણાશે.આ કરાર બાબતમાં કોઇ વાદ વિવાદ ઉપસ્થિત તો સા.રી.ફ્ર.ડે.કો.લી. નો આદેશ/સુચના/નિર્ણય આખરી ગણાશે અને તે સંપૂર્ણતઃ પરવાનેદારને બંધનકર્તા રહેશે. તથા તે અંગે કોઇપણ જાતની દાવાદુવી કે કોર્ટ લીટીગેશન થઇ શકશે નહી.

૪૫. પ્રસંગોપાત અમદાવાદ મ્યુનિસિપલ કોપરિશનને કે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનને સદર પાર્કિંગવાળી જગ્યાની જરૂર પડશે તો તે તેનો ઉપયોગ કરી શકશે અને તે માટે કોઇ પણ પ્રકારનું વળતર આપવામાં આવશે નહી.

૪૬. પરવાનેદારને આપેલ પાર્કિંગ સ્પેસમાં કોઇ પણ પ્રકારની અશિષ્ટ, ઉપદ્રવી, અસ્પષ્ટ કે ગુનાઇત પ્રકારની પ્રવ્રુતિ થતી જણાશે તો તેની સઘળી જવાબદારી પરવાનેદારની રહેશે તથા તે કિસ્સામાં સક્ષમ સત્તા દ્વારા લેવાયેલ નિર્ણય આખરી ગણાશે તથા તે પરવાનેદારને બંધંકર્તા રહેશે.

૪૭. <u>ફોર્સ મેજ્યુરઃ</u>

ફોર્સ મેજરને કારણે, કોઈપણ પક્ષ અન્ય પક્ષ માટે જવાબદાર રહેશે નહીં અથવા વિલંબ અથવા નિષ્ફળતા હોય તો, કરારના સંબંધમાં તેની પોતાની જવાબદારીઓ પૂર્ણ કરવામાં કોઈપણ વિલંબ અથવા પૂર્ણ કરવામાં કોઈપણ નિષ્ફળતાને કારણે કરારનું ઉલ્લંઘન કરતું હોવાનું માનવામાં આવશે નહીં.

કરારના હેતુ માટે, "ફોર્સ મેજેર" એ ભગવાનના અધિનિયમને કારણે બનતી કોઈપણ ઘટના,યુદ્ધ, યુદ્ધ જેવી પરિસ્થિતિઓ, નાકાબંધી, પ્રતિબંધો, બળવો, સરકારી નિર્દેશો અને સંરક્ષણ અધિકારીઓ અથવા સરકારની અન્ય કોઈપણ એજન્સીઓની હસ્તક્ષેપ, આગ, પૂર, ભૂકંપ, રમખાણો, હડતાલ, તોફાન, જ્વાળામુખી ફાટી નીકળવો, ટાયફૂન, વાવાઝોડા, ભરતીના મોજા, ભૂસ્ખલન, વીજળીના વિસ્ફોટ, વાવંટોળ, ચક્રવાત, સુનામી, પ્લેગ અથવા અન્ય રોગચાળો અથવા રોગચાળો સંસર્ગનિષેધ, લોકડાઉન, વૈશ્વિક, રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક કટોકટી, યુદ્ધના કૃત્યો, આતંકવાદ અથવા તોડફોડના કૃત્યો, માળખા અને/અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિનાશ, ઊર્જાની લાંબી નિષ્ફળતા , મંજૂરીઓનું રદબાતલ, સરકાર દ્વારા આપવામાં આવેલ કોઈ વાંધો, સંમતિ, લાયસન્સ, કાયદામાં ફેરફાર, કાયદાકીય અને/અથવા સરકારી સત્તા દ્વારા કાર્યવાહી અને/અથવા હુકમ, જમીન અથવા તેના કોઈપણ ભાગનું સંપાદન, માંગણી અથવા નિકાલ, તૃતીય પક્ષની કાર્યવાહી અથવા સરકારી અથવા અન્ય સત્તા અથવા કમિશન અથવા બાદબાકી અથવા તેના દ્વારા અસરગ્રસ્ત પક્ષના નિયંત્રણની બહારનું કોઈ અન્ય કાર્ય.

બંને પક્ષો આ કરારની શરતો અને નિયમોનું પાલન કરવાના ઉદ્દેશ્ય સાથે તમામ વાજબી સાવચેતીઓ અને વાજબી વૈકલ્પિક પગલાં લેશે.

જો ફોર્સ મેજરને કારણે કરવું અશક્ય અથવા અવ્યવહારુ બને તો કોઈપણ પક્ષ કરારને સમાપ્ત કરી શકે છે; **અથવા**

કોઈપણ સમયગાળો કે જેમાં પક્ષકાર, આ કરાર અનુસાર, કોઈપણ ક્રિયા અથવા કાર્ય પૂર્ણ કરી શકે, તે સમયગાળાની સમાન સમયગાળા માટે લંબાવી શકાય છે જે દરમિયાન આ ભાગ ફોર્સ મેજેઅરના પરિણામે આવી ક્રિયા કરવામાં અસમર્થ હતો. આ સંદર્ભમાં, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો નિર્ણય અંતિમ માનવામાં આવશે.

૪૮. લાયસન્સીએ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના કોઈપણ અધિકારીને કોઈપણ રીતે પ્રલોભિત કરવામાં સામેલ જણાશે તો તેવા ઓફરદારે ને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ભવિષ્ય નાં બધા ટેન્ડર માં ભાગ લેવામાં બેન કરવામાં આવશે.

૪૯. ઓફરદાર એન્ટી બ્લેકલિસ્ટિંગ અને ભ્રષ્ટ અને કપટપૂર્ણ વ્યવહારો માટે અયોગ્યતાની ઘોષણા હેઠળ ન હોવા જોઈએ.

૫૦. જરૂરિયાતના સંજોગોમાં સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા એક માસની નોટીસ આપી લાઇસન્સી પાસેથી જગ્યાનો કબજો પરત લઇ શકશે. આ સંદર્ભે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ કોઇ પણ કારણ આપવા બંધાયેલ નથી.

૫૧. લાઇસન્સીએ લાઇસન્સ એગ્રીમેન્ટની શરતો ઉપરાંત ટેન્ડર તથા એલ.ઓ.એ.ની પણ તમામ શરતો નું પાલન કરવાનું રહેશે.

૫૨. કોઇપણ કાયદાકીય પશ્ન માટે ન્યાયીક ક્ષેત્ર અમદાવાદ રહેશે.

૫૩. લાઇસન્સી એ પાર્કિંગની જગ્યા કોવીડ-૧૯ તદઉપરાંત કોઈ પણ સરકારી/એ.એમ.સી. ની માર્ગદર્શિકા/નિયમ/સુચના મુજબ સારી અને સ્વચ્છ સ્થિતિમાં રાખવાની રેહશે.

૫૪. લાઇસન્સી ને આપેલ પાર્કિંગ સ્પેસ માં ટ્રક અને ટેમ્પો વગેરે જેવા ભારે વાહનો પાર્ક કરવાની પરવાનગી નથી. જો લાઇસન્સી તેવું કરતા જણાશે તો સક્ષમ સત્તા દ્વારા લેવાએલ નિર્ણય આખરી ગણાશે તથા તે માટે લાઇસન્સી નો કોઈ પણ દાવો કે લીટીગેશન ગ્રહ્યય માનવામાં આવશે નહિ.

૫૫. પાર્કિંગ સ્પેસ માં વાહનો ની સર્વિસ કે રીપૈરીંગ કરવાની પરવાનગી નથી. જો તેવું થતું જણાશે તો તેની જવાબદારી લાઇસન્સી ની રેહશે તથા સક્ષમ સત્તા દ્વારા લેવાએલ નિર્ણય આખરી ગણાશે તથા તે માટે લાઇસન્સી નો કોઈ પણ દાવો કે લીટીગેશન ગ્રહ્યય માનવા માં આવશે નહિ.

૫૬. લાઇસન્સી ને પાર્કિંગ સ્પેસ નો ઉપયોગ કોઈ પણ પ્રદર્શન અથવા કોઈપણ હોર્ડિંગ તથા જાહેરાત વગેરે લગાવવા માટે પરવાનગી નથી. પાર્કિંગ સ્પેસ માં કોઈ પણ અશિષ્ટ, અસ્પષ્ટ અથવા આવી અન્ય પ્રવૃત્તિ કે જે ઉપદ્રવ પેદા કરી શકે તેવી પરિસ્થીતીમાં લાઇસન્સી જવાબદાર રેહશે તથા તેવા સંજોગો માં સક્ષમ સત્તા દ્વારા લેવાએલ નિર્ણય આખરી ગણાશે તથા તે માટે પરવાનેદાર નો કોઈ પણ દાવો કે લીટીગેશન ગ્રહ્યય માનવા માં આવશે નહિ.

ઉપરોકત શરતો મેં વાંચી અને તે મને/અમોને કબુલ છે.

ઓફરદારની સહી

<u>પાર્કીંગની જગ્યાનો નક્શો/લે-આઉટ</u>



<u>Note: All the dimensions are in Meter.</u>